અપીલ અરજી નં.૩૨૨ તા .૧૦–૧૦ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ઈન્દુભાઈ ડી. દાળવાલા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ઈન્દુભાઈ ડી. દાળવાલાની તા. ૮–૮–૧૧ની અરજીથી ઉધના વિસ્તારનો સુરત મહાનગપાલિકામાં સમાવેશ થયા બાદ મોજે ઉધનાના રે.સ. નં.૨૦૯/૫,૨૧૦ ની જમીન ઉપર બાંધવામાં આવેલ હરીનગર કોલોની નંબર–૨ ની બાંધેલી મિલ્કત ઉપર કયારે આકારણી કરવામાં આવ્યું તે સોસા./કોલોનીની નંબર ૩૩૭ થી ૩૪૪ આકારણી નિયમ મુજબ કરવામાં આવી હોત તો સુરત મહાનગપાલિકાને કેટલી રકમ મળી હોત.આકારણી ન કરી, વસુલાત ન કરવા માટે કોણ જવાબદાર છે તેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૦–૧૦–૧૧ ની **SMC/FAP/** નં.૩૨૨/૨૦૧૧–૧૨

શ્રી ઈન્દુભાઈ ડી. દાળવાલાની તા. ૮–૮–૧૧ની અરજીથી ઉધના વિસ્તારનો સુરત મહાનગપાલિકામાં સમાવેશ થયા બાદ મોજે ઉધનાના રે.સ. નં.૨૦૯/૫,૨૧૦ ની જમીન ઉપર બાંધવામાં આવેલ હરીનગર કોલોની નંબર–૨ ની બાંધેલી મિલ્કત ઉપર કયારે આકારણી કરવામાં આવ્યું તે સોસા./કોલોનીની નંબર ૩૩૭ થી ૩૪૪ આકારણી નિયમ મુજબ કરવામાં આવી હોત તો સુરત મહાનગપાલિકાને કેટલી રકમ મળી હોત.આકારણી ન કરી, વસુલાત ન કરવા માટે કોણ જવાબદાર છે તેની માહિતી આપવા બાબતે અધુરી અને માગ્યા મુજબની જરૂરી માહિતી આપવામાં આવી ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૦–૧૦–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબતે દફતરી હકીકત નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ / ૯૫૮ તા.૧૪–૧૦–૧૧ થી** એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને મુળ અરજીથી માંગેલ માહિતી, ફી ભર્યાની વિગત તથા મળેલ માહિતી અને તે સામે નારાજગીની વિગતો આધાર સહ રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૯૯૯ તા.૧–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપવામાં આવેલ માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/આ.નં.૭૫૫ તા.૯–૯–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૮–૮–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૭૫૫ તા.૯–૯–૧૧ થી " ઉધના રે.સ. નં.૨૦૯/૫ ૨૧૦ હરીનગર–૨ ની બાંધેલ મિલ્કતની સને ૧૯૮૬ થી આકારણી કરવામાં આવેલ છે. " તેવું જણાવેલ છે. આમ અરજદારને નિયત સમય અવધિમાં જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે આપેલ માહિતીના નિર્ણયથી નારાજ થઈ તા.૧૦–૧૦–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે અપીલમાં (૧) જાહેર માહિતી અધિકારીએ અધૂરી માહિતી આપેલી અને માંગ્યા મુજબની જરૂરી માહિતી આપવામાં આવી નથી. (૨) ઉધનાના રે.સ. નં.૨૦૯ પૈકી ૨૧૦ ની જમીન ઉપર હરીનગર કોલોની નંબર–૨ નામની વસાહત આવેલી છે જે પૈકી બાંધકામ વિનાના ખુલ્લા પ્લોટ ઉપર આકારણી જેતે સમયે કરવામાં આવી હોત તો સુરત મહાનગપાલિકાને મીલ્કતવેરો વિગરેને કેટલી રકમ મળી હોત તેની માહિતી આપેલ નથી જે આપવા જરૂરી હુકમ કરશોજી. (૩) ખુલ્લા પ્લોટોની આકારણી ન કરી વેરાની વસુલાત ન કરવા માટે જવાબદાર કર્મચારી અધિકારીની માહિતી પણ આપવામાં આવી નથી જે આપવી. (૪) રીસ્પોન્ડન્ટ કુત્ય નાણા સમય અને શકિતનું બગાડ કરનારું હોઈ અને કાયદાની જોગવાઈ મુજબ માંગવામાં આવેલી માહિતી ન આપીને ગેરકાયદેસરનું કૃત્ય કરેલ છે. જે માટે રીસ્પોન્ડન્ટ વિરુધ્ધ યોગ્ય હુકમ કરશો. (૫) અપીલ કાયદાની જોગવાઈ મુજબ સમય મર્યાદામાં કરેલ છે. (૬) ઉપરોકત સંજોગોમાં હમો અરજદાર માહિતી મેળવવા હકદાર થયા છે. હમોને હમારા સરનામે માહિતી પૂરી પાડવા હુકમ કરશો.

અરજદારે મુદ્દા નં.૧ માં અધૂરી માહિતી આપેલ જણાવેલ છે અને તે અંગે મુદ્દા નં.૩ માં ખુલ્લા પ્લોટ ઉપરની આકારણીની રજૂઆત કરેલ છે. જયારે મુળ અરજીમાં બાંધેલી મિલ્કતની આકારણીની માંગણી કરેલ છે. આમ અરજદારે ખુલ્લા પ્લોટ અંગેની આકારણીની રજૂઆત મુળ અરજીથી અલાયદી અપીલ તબકકે કરવામાં આવેલ છે. આથી અરજદારના મુદ્દા નં.૪ કાયદાની જોગવાઈ મુજબ માહિતી ન આપવાનું ગેરકાયદેસર કૃત્ય કરેલ હોવાના દાવાને સમર્થન મળતું નથી.

અરજદારને અપીલ તબકકે અધૂરી માહિતીના દાવાના સમર્થનમાં આધાર રજૂ કરવા તક આપવા છતાં તે રજૂ કરવામાં સફળ રહેલ નથી. મુળ અરજીથી અરજદારે નિર્દિષ્ટ સ્થળે બાંધેલી મિલ્કતની આકારણીની વિગત માંગેલ છે અને તે પૂરી પડાયેલ છે. આમ પૂરી પાડેલ માહિતી મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૮–૮–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી ઈન્દુભાઈ ડી. દાળવાલા,